Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 8, Issue 2, April 2022
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સ્વતંત્રતા પછી દેશી રજવાડાઓના એકીકરણમાં એક મહત્વપૂર્ણ પ્રકરણ: જૂનાગઢની આરઝી હકૂમત

**પરમાર રાયસિંહભાઈ જે.**
**મદદનીશ પ્રાધ્યાપક (ઈતિહાસ)**
**સરકારી વિનયન કોલેજ, રાણાવાવ જિ.પોરબંદર**

***સારાંશ:***

*સમગ્ર દેશ જ્યારે સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે જૂનાગઢનાં નવાબ મહાબતખાનજી ત્રીજાએ જૂનાગઢ રાજ્યની પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો અને જૂનાગઢ રાજ્યનું પાકિસ્તાન સાથે જોડાણ જાહેર કર્યું. આ સમાચાર મળતા જૂનાગઢ, સૌરાષ્ટ્ર અને સમગ્ર ભારતની પ્રજામાં રોષ ભભૂકી ઉઠ્યો. કાઠિયાવાડના અગ્રણી નેતાઓની મુંબઈમાં બેઠક મળી અને જૂનાગઢનાં ભારત સંઘ સાથેના જોડાણનું એક અભૂતપૂર્વ પ્રકરણ 'જૂનાગઢની આરઝી હકૂમત' લખાયું. આરઝી હકૂમતની સ્થાપના જૂનાગઢનો મુક્તિ સંગ્રામ હતો, તેથી કામચલાઉ સરકારમાં જૂનાગઢનાં પ્રજાજનોનેજ લેવામાં આવ્યા હતા. આરઝી હકૂમતે આઝાદ જૂનાગઢ ફોઝની રચના કરી હતી લોકો તેને 'લોકસેના' કહેતા હતા. સૌ પ્રથમ રાજકોટમાં આવેલ 'જૂનાગઢ હાઉસ' કબજે કરી તેને મુખ્ય કેન્દ્ર બનાવી કામગીરી શરૂ કરી. નવાબ અને તેના માણસોના અત્યાચારો વચ્ચે પ્રજાએ હીજરત કરી. આરઝી હકૂમતે જૂનાગઢ રાજ્યના નવાબી શાસન સામે ત્રિપાંખિયો મોરચો માંડ્યો: આર્થિક, પ્રચાર અને સશસ્ત્ર. આરઝી હકૂમતની વિજયકૂચ અને પ્રજાનો આક્રોશ જોઈ નવાબ પાકિસ્તાન ભાગી જાય છે. પરિસ્થિતિ હાથમાંથી છૂટતા જોઈ દીવાન શાહનવાઝ ભુટ્ટોએ ભારતીય સંઘની શરણાગતી સ્વીકારી. ભારત સરકાર વતી પ્રાદેશિક કમિશનર ૯ નવેંબર, ૧૯૪૭ના જૂનાગઢ પહોંચી તેનો કબજો સંભાળ્યો હતો. ફેબ્રુઆરી ૧૯૪૮ના લોકમત લેવાયો તેમાં ૯૯.૯૫ ટકા લોકોએ ભારતમાં જોડાવાની તરફેણમાં મત આપ્યા હતા. આમ જુનાગઢ રાજ્ય ભારતસંઘ સાથે જોડાયું અને પ્રજાની તાકાતનો વિજય થયો.*

***ચાવીરૂપ શબ્દો:***

*આરઝી હકૂમત, જૂનાગઢ, દેશી રજવાડા, નવાબ, લોકસેના, કામચલાઉ સરકાર, સશસ્ત્ર મોરચો, દીવાન, ભારત સંઘ*

## જૂનાગઢની પરિસ્થિતિ અને પાકિસ્તાન સાથે જોડાણ :

આઝાદી સમયે સૌરાષ્ટ્રમાં ૨૨૨ નાના મોટા દેશી રજવાડાઓ હતા. તેમાં જૂનાગઢ રાજ્ય સૌથી મોટું હતું. મોટા ભાગનાં દેશી રાજ્યોએ ભારત સાથે જોડાવાના કરાર કર્યા. સમગ્ર દેશ જ્યારે આઝાદીની ખુશહાલી મનાવી રહ્યો હતો ત્યારે જૂનાગઢની જમિયત જેવી કોમી સંસ્થાઓ, ઇસ્માઈલ અબ્રેહાની, ભોપાલવાલાં બેગમ અને દીવાન શાહનવાઝ ભુટ્ટોના પ્રભાવ હેઠળ તેમની ખોટી સલાહથી દોરવાઈને જૂનાગઢના નવાબ મહાબતખાન ત્રીજાએ રાજ્ય ગેઝેટ ‘દસ્તૂરલ અમલ સરકાર’મા ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના પાકિસ્તાન સાથે જોડાવાના નિર્ણયની જાહેરાત કરી. આ જાહેરાત જૂનાગઢ રાજ્યની પ્રજા માટે વજ્રાઘાત સમાન હતી. નવાબનો આ નિર્ણય તદન અવ્યવહારૂ હતો. જૂનાગઢ રાજ્યનો વિસ્તાર ૩૨૦૦ ચો.મા. અને વસ્તી ૭,૭૦,૭૧૯ હતી. રાજ્યની વસ્તીમાં 80 ટકા લોકો હિન્દુ હતા, છતાં હિંદુ બહુમતીવાળા રાજ્યના મુસ્લિમ નવાબે અણધાર્યો અને તરંગી નિર્ણય લઈ વિટંબણા ઊભી કરી. જૂનાગઢ રાજ્યની ચારે બાજુ દેશી રજવાડાઓ આવેલાં હતા, તેમણે ભારતસંઘ સાથે જોડાવાના કરાર કર્યા હતા. ભૌગોલિક રીતે જૂનાગઢ રાજ્યની જમીન સરહદ કે દરિયાઈ સરહદની પાકિસ્તાન સાથે જોડાયેલ ન હતી અને નિકટતા પણ ના હતી. જૂનાગઢ રાજ્યની રેલવે, તારટપાલ, સંદેશા વ્યવહાર, વાહનવ્યવહાર વગેરે ભારતની વ્યવસ્થાના અખંડ ભાગ હતા. રાજકીય, ભૌગોલિક, આર્થિક, સાંસ્કૃતિક અને વ્યાવહારિક દ્રષ્ટિએ જૂનાગઢનું પાકિસ્તાન સાથેનું જોડાણ વિચારી પણ શકાય નહિ તેવી સ્થિતિ હતી, છતાં નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનું તર્કહીન પગલું ભર્યું.

આ નિર્ણયના પરીણામે જૂનાગઢની પ્રજામાં કે ગુજરાતની પ્રજામાં જ નહિ, પરંતુ સમગ્ર ભારતની પ્રજામાં પ્રકોપનું પ્રચંડ મોજું ફરી વળ્યું. દેશવિદેશમાં વસવાટ કરતા જૂનાગઢ વાસીઓ, સૌરાષ્ટ્રવાસીઓ, ગુજરાતીઓ, કાઠિયાવાડ રાજકીય પરિષદ, સૌરાષ્ટ્રના દેશી રજવાડાઓ, અખિલ ભારતીય દેશી રાજ્ય પ્રજામંડળ, કચ્છ કાઠિયાવાડ મુસ્લીમ લીગ, મુંબઈના રાષ્ટ્રવાદી મુસ્લીમ મહામંડળ વગેરેએ જૂનાગઢના પાકિસ્તાન સાથેના જોડાણને વખોડી કાઢ્યું. દેશવિદેશમાં જૂનાગઢના આ નિર્ણયની ટીકા થઈ. આ સંજોગોમાં મુંબઈના ‘વંદે માતરમ’ દૈનિકના કાર્યાલયમાં મુંબઈમાં વસવાટ કરતાં જૂનાગઢવાસીઓની ૧૯મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બેઠક યોજાઈ હતી. જેમાં ‘વંદે માતરમ’ દૈનિકના નીડર તંત્રી શામળદાસ ગાંધી, ઢેબરભાઈ અને અમૃતલાલ શેઠ વગેરે અગ્રગણ્ય આગેવાનો હાજર રહ્યા હતા. જૂનાગઢ તો સૌરાષ્ટ્રના હૃદય સમાન હતું તેને પાકિસ્તાનમાં કઈ રીતે જવા દેવાય. આ સભામાં નિર્ણય લેવાયો કે નવાબ મહાબતખાન ત્રીજાને નિર્ણય પાછો ખેંચવા સમજાવવા એક પ્રતિનિધિ મંડળને જૂનાગઢ

મોકલવું. નવાબની સ્થિતિ મહેલના કેદી જેવી હતી. કોઈને કોઈ બહાના હેઠળ કોઈને પણ નવાબને મળવા દેવામાં આવતા ન હતા. નવાબને સમજાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા.

## પ્રજા પર અત્યાચાર :

જૂનાગઢના પાકિસ્તાન સાથેના જોડાણની જાહેરાત પછી જૂનાગઢના મુસ્લિમ આગેવાનોનું કોમવાદી વલણ પ્રગટ થયું. જમિયત નામની કોમવાદી સંસ્થા સ્થાનિક મુસ્લિમ પ્રજાને ઉશ્કેરવા લાગી હતી. મુજાહિદ નામનું છાપું કોમી ઝેર ફેલાવતું હતું. નવાબી શાસનમાં કાઠું કાઢી ગયેલા સંધીઓ અને મુસ્લીમ કોમવાદી લોકોને જાણે છૂટો દોર મળી ગયો હતો. જૂનાગઢનાં નવાબ મહાબતખાનજી ત્રીજાએ પોતાના રાજ્યારોહણની રજતજયંતી પ્રસંગે કહેલું કે, ‘તમારી ઉન્નતિમાં મારી ઉન્નતિ રહેલ છે અને તમારા સુખમાં મારું સુખ છે. મારી જિંદગીપર્યંત હું તમારી ઉન્નતિ અને કલ્યાણ માટે મારાથી બનતું કરીશ’ પરંતુ નવાબ પોતાના કથનને વીસરી ગયા હતા. અપહરણ, ધર્માંતર, હિંદુઓની મિલકત છીનવી લેવાનાં પગલાં, રાજ્યની નોકરીમાંથી હિંદુઓને રૂખસદ, લશ્કર અને પોલીસ દળમાંથી તેમની કમી, મંદિરો ભ્રષ્ટ કરવાં, વેપાર રોજગારમાં રાજ્યની મદદ અંગે પક્ષપાત જેવી બાબતો સામાન્ય બની ગઈ હતી. મુસ્લિમ અધિકારીઓ પણ સત્તાના મદમાં હિંદુ પ્રજા ઉપર અત્યાચાર કરવા લાગ્યા હતા. કાયદો અને વ્યવસ્થા સદંતર પડી ભાંગ્યા હતા.

## પ્રજાની હિજરત :

જીવવાનું મુશ્કેલ બની જતાં હિંદુઓ પોતાનાં જાન, માલ, સ્ત્રી, બાળકો સૌની સલામતી ખાતર વતન છોડી હિજરત કરવા લાગ્યા. લગભગ એક લાખ લોકોએ હિજરત કરી. રાજ્યે હિજરત રોકવા પ્રયાસ કર્યા. તે માટે તેમણે રેલવે માર્ગે, મોટરમાર્ગે, પગરસ્તે નાકાબંધી કરી. હિજરત કરી ગયેલા લોકોનાં બંધ મકાનનાં તાળાં તોડીને મુસ્લિમ ગુંડાઓ તેમાં વસવા લાગ્યા હતા. જૂનાગઢમાંથી મોટા પાયે હિજરત વચ્ચે જૂનાગઢની મોટી હવેલીના ગો. શ્રી પુરુષોતમલાલજીએ અત્યાચારો વચ્ચે પણ અડગ થઈને જૂનાગઢમાં રહ્યા, પરિણામે તેના પગલે મોટા પ્રમાણમાં હિંદુ વસ્તી જૂનાગઢમાં ટકી રહી.

## ભારત સરકારના પગલાં :

સૌરાષ્ટ્રના અગ્રણી નેતા ઉછરંગરાય ઢેબર કાઠિયાવાડ રાજકીય પરિષદ વતી નવાબને સમજાવવા ગયા પરંતુ દીવાને નવાબ સાથે મુલાકાત કરવા દીધી નહિ. ભારત સરકારના દેશી

રિયાસતો ખાતાના સચિવ વી.પી. મેનન અને પ્રાદેશિક કમિશનર નીલમ બૂચ પણ નવાબને સમજાવવા જૂનાગઢ ગયા પરંતુ નાદુરસ્ત તબિયતના બહાના હેઠળ બાનમાં રખાયેલા નવાબને મળવા દેવાયા ન હતા. ભારત સરકારે પણ આ પ્રશ્ને ગંભીરતાપૂર્વક ધીરજ રાખી આગળ વધવાનું નક્કી કર્યું હતું. સૌપ્રથમ તો તેણે જૂનાગઢના પાકિસ્તાન સાથેના જોડાણને અમાન્ય કર્યું. જૂનાગઢના તાબાના બાવન ગામો ધરાવતાં બાબરિયાવાડ ગિરાસદારોએ બળવો કર્યો. બાબરિયાવાડના ગરાસિયાઓ અને માંગરોળના શેખે ભારત સાથે જોડાવાના કરાર કરતાં જૂનાગઢના વ્યૂહમાં ગાબડાં પડ્યાં હતાં. જૂનાગઢે બાબરિયાવાડ કબજે કરવા ત્યાં લશ્કર મોકલતાં ભારત સરકારે ત્યાં બ્રિગેડિયર ગુરુદયાલસિંહના નેતૃત્વ નીચે સેના ૨૨મી ઓક્ટોબર અને પહેલી નવેમ્બરના રોજ મોકલી તે પ્રદેશનો કબજો લઈ લીધો હતો. ભારત સરકારે ઉપરોક્ત પ્રદેશોની સુરક્ષા માટે માંગરોળ, પોરબંદરના દરિયામાં નોકાદળ તૈનાત રાખ્યું હતું. આમ ભારતમાં જોડાયેલ પ્રદેશ અને પ્રજાના રક્ષણ માટે ભારત સરકારને 'પોલીસ—પગલાં' લેવાની ફરજ પડી હતી. સરદાર પટેલે જણાવ્યું કે આમાં જૂનાગઢની પ્રજાએ જ પ્રથમ પહેલ કરવી જોઈએ. બાહ્ય રીતે તો તેઓ જૂનાગઢમાં સીધી દખલ કરી શકે નહિ, કારણ કે તો આ સ્થાનિક પ્રશ્ન બિનજરૂરી રીતે આંતરરાષ્ટ્રીય બની જાય.

## આરઝી હકૂમતની સ્થાપના :

પ્રજાને રજવાડાઓનો અનુભવ હતો કે, રાજયમાં રહીને રાજ્ય વિરૂદ્ધ ચળવળ કે આંદોલન શક્ય નથી. તેથી જૂનાગઢનાં પ્રશ્નને લઈને મુંબઈમાં તારીખ ૨૩ સપ્ટેમ્બર ૧૯૪૭ના રોજ જૂનાગઢ પ્રજામંડળની બેઠક મળી. તેમાં જૂનાગઢની આરઝી હકૂમતની સ્થાપના કરવાનો વિચાર કરવામાં આવ્યો. ભારત સરકાર સીધી રીતે કોઈ મદદ કરી શકે તેમ ન હતું, કેમકે એમ કરવામાં ભારત-પાકિસ્તાન વિભાજનના કાયદાઓના ઉલ્લંઘનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ હતો. ભારત સરકારે બહારથી તો એવો દેખાવ કર્યો કે જૂનાગઢની પ્રજાની ચળવળ સાથે તેમને કોઈ લેવાદેવા નથી. ગાંધીજીએ સાંજની પ્રાર્થનામાં જૂનાગઢના પ્રશ્ને પોતાના વિચારો રજૂ કરતા કહ્યું: 'જૂનાગઢમેં પાકિસ્તાન કિસ તરહ બન સકતા હે? મેરી સમજમેં નહીં આતા. જૂનાગઢસે પાકિસ્તાન જાના ચાહિએ.' આમ ગાંધીજીના આશીર્વાદ પણ મળ્યા.

સરદાર પટેલની મૂક સંમતિ અને ગાંધીજીના આશીર્વાદ મળતા નેતાઓનો ઉત્સાહ બેવડાયો અને મુંબઈમા સભા મળી. મુંબઈના માધવબાગમાં મળેલી આ સભામાં સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ સરકારમાંથી પ્રેરણા લઈ ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ ત્રીસ હજારની મેદની વચ્ચે કનૈયાલાલ મા. મુનશીએ ઘડેલ "જૂનાગઢની પ્રજાની આઝાદીનું જાહેરનામું" બહાર પાડી

'જૂનાગઢની આરઝી હકૂમત'ની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી હતી. જૂનાગઢ રાજ્યે બહુમતી પ્રજાની ઇચ્છાને અવગણીને પાકિસ્તાન સાથે કરેલું જોડાણ અયોગ્ય અને ગેરકાયદેસર છે, તેથી તે પ્રજાને બંધનકર્તા નથી. જૂનાગઢનાં પાકિસ્તાન સાથેના જોડાણના નવાબના નિર્ણયને પ્રજાએ અમાન્ય કર્યો. જૂનાગઢના નવાબ જે સત્તા અને હક્ક ભોગવતા હતા તે આરઝી હકૂમતને અમે સુપરત કરીએ છીએ એવી જાહેરાત મુંબઈની સભામાં જૂનાગઢની પ્રજા દ્વારા કરવામાં આવી. આરઝી હકૂમતની સ્થાપના સાથે જૂનાગઢની આઝાદીની લડતના મંડાણ થયા.

## આરઝી હકૂમતની સરકાર :

આરઝી હકૂમતની સ્થાપના એ જૂનાગઢ રાજ્યની પ્રજા દ્વારા આરંભાયેલી મુક્તિની ચળવળ હતી. આરઝી હકૂમત સામે કોઈ કાયદાકીય ગૂંચ ઊભી ના થાય અને તેને બંધારણીય સ્વરૂપ આપવા માટે તેના પ્રધાનમંડળમાં માત્ર જૂનાગઢ રાજ્યના લોકોને જ લેવા એવો નિર્ણય થયો હતો. આરઝી હકૂમતના વડાપ્રધાન તરીકે 'વંદે માતરમ' દૈનિકના નીડર તંત્રી શામળદાસ લક્ષ્મીદાસ ગાંધીને નીમવામાં આવ્યા હતા. તેઓ ગાંધીજીના ભત્રીજા અને કુતિયાણાના બારખલીદાર હતા. આરઝી હકૂમતે રાજકોટથી પોતાના કાર્યનો પ્રારંભ કરી નીચે મુજબ પ્રધાનોને ખાતાંની વહેંચણી કરી હતી.

| | | | |
|---|---|---|---|
| ૧ | શામળદાસ લ. ગાંધી | વડા પ્રધાન | પરદેશો સાથેના સંબંધો |
| ૨ | દુર્લભજી કે. ખેતાણી | નાયબ વડા પ્રધાન | નાણાં અને વેપાર ખાતું |
| ૩ | મણિલાલ સું. દોશી | પ્રધાન | ગૃહ ખાતું |
| ૪ | ભવાનીશંકર આ. ઓઝા | પ્રધાન | નિરાશ્રિતોના પ્રશ્નો અંગેનું ખાતું |
| ૫ | નરેન્દ્ર પ્રા. નથવાણી | પ્રધાન | કાયદો અને પ્રચાર ખાતું |
| ૬ | સુરગભાઈ કા. વરૂ | પ્રધાન | લશ્કર અને સૈન્ય ભરતી ખાતું |

પાછળથી શ્રીમતી પુષ્પાબહેન મહેતાને પ્રધાનમંડળમાં લેવાયાં હતાં અને તેમને બહિષ્કાર ખાતું સોંપવામાં આવ્યું હતું.

## આરઝી હકૂમતના કાર્યો :

પ્રધાનમંડળ મુંબઈથી રાજકોટ આવવા રેલવે માર્ગે રવાના થયું. ત્યારે મુંબઈની સૌરાષ્ટ્રની પ્રજા વતી અમૃતલાલ શેઠે તેના વડા શામળદાસ ગાંધીને એક તલવાર બંધાવી હતી અને એક રાષ્ટ્રધ્વજ જૂનાગઢનો ઉપરકોટનો કિલ્લો જીતી ત્યાં લહેરાવવા માટે પ્રતીક ભેટ રૂપે

આપ્યો હતો. આરઝી હકૂમતના પ્રધાનમંડળનું રસ્તામાં ઠેરઠેર પ્રજા દ્વારા ઉમળકાભેર સ્વાગત થયું હતું. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૪૭ના આરઝી હકૂમતના સૈનિકોએ જૂનાગઢ રાજ્યનો રાજકોટમાં આવેલો ઉતારો 'જૂનાગઢ હાઉસ' કબજે કર્યું અને તેનું નામ 'આઝાદ જૂનાગઢ ભવન' રાખ્યું. આરઝી હકૂમતે આ મકાનને વડું મથક બનાવી ત્યાંથી પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરી.

### આઝાદ જૂનાગઢ ફોજ :

વલભીપુર અને ધ્રોળમાં શસ્ત્ર તાલીમ શિબિરના તાલીમ પામેલા સ્વયંસેવકોએ પોતાની સેવા આરઝી હકૂમતને અર્પણ કરી આ હકૂમતની સેનાનો પ્રારંભ કર્યો હતો. તેને આઝાદ જૂનાગઢ ફોજ એવું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ તે લોકજીભે ચડ્યું નહિ. લોકો તો તેને 'લોકસેના' જ કહેતા હતા. તેના સરસેનાપતિ પદે રતુભાઈ અદાણીને નીમવામાં આવ્યા હતા.

### આરઝી હકૂમતનો જૂનાગઢનાં નવાબી શાસન સામે ત્રિપાંખિયો મોરચો :

**આરઝી હકૂમતે જૂનાગઢના નવાબી શાસન સામે ત્રિપાંખિયો મોરચો શરૂ કર્યો હતો. તે ત્રણ મોરચા હતા—આર્થિક, પ્રચાર અને સશસ્ત્ર.**

### આર્થિક મોરચો :

આરઝી હકૂમત અને કાઠિયાવાડ રાજકીય પરિષદે આર્થિક બહિષ્કારના અહિંસક કાર્યક્રમને વ્યાપક અને અસરકારક બનાવવા ખૂબ જહેમત લીધી હતી. જૂનાગઢ રાજ્યની કડક નાકાબંધી કરી તેને આર્થિક ભીંસમાં લેવાનો વ્યૂહ ઘડવામાં આવ્યો હતો. ભારતનાં મોટાં શહેરોમાં તથા અનેક દેશી રાજ્યોમાં 'જૂનાગઢ બહિષ્કાર સમિતિઓ' રચવામાં આવીહતી. જૂનાગઢે ખોરાકની વસ્તુઓ, પેટ્રોલ, કેરોસીન વગેરે પાકિસ્તાન પાસેથી મેળવવા પ્રયત્ન કરેલો પરંતુ તેમાં સફળતા ન મળતાં તે મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું.

### પ્રચાર મોરચો :

આરઝી હકૂમતે આ ક્ષેત્રે નકારાત્મક તથા રચનાત્મક એમ બે પદ્ધતિથી કામ કર્યું હતું. નકારાત્મક પદ્ધતિમાં જૂનાગઢ રાજ્ય જે જૂઠાણાં ફેલાવતું હતું તેને રદિયો આપવામાં આવતો. રચનાત્મક પદ્ધતિમાં આરઝી હકૂમતનાં કાર્યોની સફળતા, તેને મળતો ટેકો વગેરેને રાષ્ટ્રવાદી છાપાંઓએ બહોળી પ્રસિદ્ધિ આપી હતી. આરઝી હકૂમતના વડા શામળદાસ ગાંધીએ જણાવેલું કે તેમની લડત મુસ્લિમો સામે ન હતી પરંતુ જૂનાગઢના અત્યાચારી નવાબી તંત્ર સામે હતી. વળી અનેક રાષ્ટ્રવાદી મુસ્લિમો અને તેમની સંસ્થાઓએ આરઝી હકૂમતને આપેલા ટેકાને પ્રસિદ્ધ કરી

તેની બિનસાંપ્રદાયિકતા પુરવાર કરવામાં આવી હતી. આરઝી હકૂમતે 'આઝાદ જૂનાગઢ રેડિયો' અથવા 'સૌરાષ્ટ્ર રેડિયો' નામનું રેડિયો સ્ટેશન ગુપ્ત સ્થાનેથી શરૂ કરી જૂનાગઢ ઉપર મનોવૈજ્ઞાનિક વિજય મેળવ્યો હતો. દરરોજ રાત્રે 9થી 10 દરમિયાન તે રેડિયો સાંભળી શકાતો હતો.

## સશસ્ત્ર મોરચો :

આરઝી હકૂમતે જૂનાગઢને સ્વતંત્ર કરવા માટે જે સેનાની રચના કરેલી તે 'આઝાદ જૂનાગઢ ફોજ' કે 'મુક્તિ ફોજ' કે 'લોકસેના' તરીકે ઓળખાતી હતી.

લોકસેનામાં જુદા જુદા સાત પ્રકારના કુલ ૪૦૦૦ જેટલા સૈનિકો હતા.

1. પગારદાર શીખ અને ગુરખા સૈનિકો
2. નિવૃત્ત સૈનિકો
3. જૂનાગઢ રાજ્યની સેના અને પોલીસમાંથી છૂટા કરાયેલા ૫૦ સૈનિકો
4. દેશી રાજ્યોમાંથી સ્વેચ્છાએ આવેલા ૧૫૦ સૈનિકો
5. સ્વેચ્છાએ દાખલ થયેલા ૨૦૦ સ્વયંસેવકો
6. સશસ્ત્ર તાલીમ વર્ગના લગભગ ૨૦૦ સ્વયંસેવકો
7. જૂનાગઢના આંતરિક પ્રદેશમાંથી મેર, હાટી, કારડિયા રાજપૂત જેવી લડાયક જાતિના લગભગ ૩૦૦૦ લોકો

## આરઝી હકૂમતની આગેકૂચ :

૨૪મી ઓકટોબર ૧૯૪૭ના રોજ વિજયાદશમીના દિવસે લોકસેનાએ અમરેલી જિલ્લાના કુકાવાવ પાસે આવેલ જૂનાગઢ રાજ્યના ટાપુ સમાન અમરાપુર ગામ પર છાપો મારી તેને કબજે કર્યું હતું. વાઘણીઆ દરબાર અમરવાળાએ તેમાં સાથ આપ્યો હતો. ત્યારબાદ ગુણવંતરાય પુરોહિત, રતુભાઈ, જશવંત મહેતાની આગેવાની નીચે આરઝી હકૂમતના સૈનિકોએ નવાગઢ, કુતિયાણા વગેરે સ્થળોએ કબજો લીધો હતો. કુતિયાણામાં રાજ્યના સૈનિકોએ તથા સોઢાણા, વડાલના સંધીઓએ આરઝી હકૂમતનો સામનો કરવાનો પ્રયાસ કર્યો હતો. પ્રથમ દિવસે ૧૧ અને બીજા દિવસે ૧૦ એમ બે દિવસમાં જૂનાગઢ રાજ્યના અમરાપર અને તેની આસપાસનાં ૨૧ ગામો કબજે કરી પોતાની લશ્કરી તાકાતનાં પારખાં કરાવ્યાં હતા. દશેરાથી ધનતેરસ સુધીના માત્ર ૧૭ દિવસમાં આરઝી હકૂમતે જૂનાગઢ રાજ્યનાં ૧૦૬ ગામો કબજે કરી લીધાં હતાં. જૂનાગઢ રાજયની આવક ઘટી જતાં આર્થિક સ્થિત ડામાડોળ થઈ ગઈ હતી, નવાબને પણ વાસ્તવિક

સ્થિતિનો ખ્યાલ આવ્યો. એટલે નવાબ મહાબતખાનજી ત્રીજા ૧૭મી ઓક્ટોબરે દીવાન શાહનવાઝ ભુટ્ટોને જૂનાગઢનો વહીવટ સોંપી રોકડ સંપતિ, જરઝવેરાત, બેગમો અને કુતરાઓ સાથે કેશોદ એરપોર્ટથી પાકિસ્તાન ભાગી જાય છે. એક બેગમ રહી ગઈ હતી. તે દીવ થઈને પાકિસ્તાન ગઈ હતી. નવાબ પાકિસ્તાન નાસી જતાં જુનાગઢ રાજ્યની પ્રજામાં હિમ્મત અને ખુમારીનો સંચાર થયો અને ઉત્સાહ બેવડાયો.

## આરઝી હકૂમતનો વિજય :

દીવાન શાહનવાઝ ભુટ્ટોએ ૮ નવેમ્બર ૧૯૪૭ના રોજ રાજ્યના મુસ્લિમ નેતાઓ અને અધિકારીઓની એક મહત્ત્વપૂર્ણ બેઠક દીવાનના 'અમન મહેલ'માં સાંજે 6 વાગે બોલાવી હતી. આ માટે વંથલી, કેશોદ, વેરાવળ, માળિયા, વિસાવદર અને તાલાલાના સ્ટેશન માસ્તરને ટેલિગ્રાફ મારફત જાણ કરવામાં આવી કે, મુસ્લિમ અધિકારી અને નેતાઓ ટ્રેનથી આવી શકે તેમ ન હોય તો તેમને મોટરકાર દ્વારા જૂનાગઢ પહોંચવાની વ્યવસ્થા કરવામાં આવે. આ નિર્ણાયક બેઠકમાં દીવાન શાહનવાઝ ભુટ્ટોએ રાજ્યના મુખ્ય મુસ્લિમ આગેવાનો, અધિકારીઓ સાથે ચર્ચા કરી જૂનાગઢનો વહીવટ આરઝી હકૂમતને નહિ પરંતુ ભારત સરકારને સોંપી દેવોનો નિર્ણય કર્યો અને પોતે પણ તે જ દિવસે માલિકના પગલે પાકિસ્તાન પલાયન થઈ જાય છે. નવાબ દીવાનને વહીવટ સોંપી જતાં રહ્યા પરંતુ અહીં પરિસ્થિતિ વધુ વણસતાં દીવાન શાહનવાઝ ભુટ્ટોએ ભારતીય સંઘની શરણાગતિ સ્વીકારી. કેપ્ટન હાર્વેજોન્સ દીવાન શાહનવાઝ ભુટ્ટોનો પત્ર લઈને રાજકોટ પહોંચ્યા અને ભારત સરકારને જૂનાગઢનો વહીવટ સંભાળી લેવા લેખિત વિનંતી કરી. લેખિત જાણ થતાં ભારત સરકાર વતી પ્રાદેશિક કમિશનર નીલમ બૂચે, ૯ નવેંબર, ૧૯૪૭ના સેના સાથે સાંજે છ વાગ્યે જૂનાગઢ પહોંચી જઈ તેનો કબજો સંભાળ્યો હતો. આરઝી હકૂમતે જીતેલાં ૧૦૬ ગામ જૂનાગઢ રાજ્યને પાછા સોંપી દીધાં. જૂનાગઢનાં નવાબ વતી દીવાન શાહનવાઝ ભુટ્ટોએ જૂનાગઢને ભરતસંઘને બદલે આરઝી હકૂમતને શરણે કર્યું હોત તો આરઝી હકૂમતની પ્રતિષ્ઠામાં વધારો થાત.

જૂનાગઢ વિજયના ચાર દિવસ બાદ ૧૩ નવેમ્બરે આરઝી હકૂમતનું પ્રધાનમંડળ અને સરદાર વલ્લભભાઈ પટેલ જૂનાગઢ આવ્યા હતા, ત્યારે તેમનું ભવ્ય સ્વાગત થયું હતું. શામળદાસ ગાંધીએ અમૃતલાલ શેઠે મુંબઈમાં આપેલો ધ્વજ ઉપરકોટ પર લહેરાવ્યો હતો તેમજ અમૃતલાલ શેઠે જૂનાગઢની મુકતી માટે મુંબઈમાં આપેલ તલવાર સરદાર પટેલના ચરણોમાં ધરી જૂનાગઢની મુકતીનું કાર્ય પાર પડયાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. બહાઉદ્દીન કોલેજનાં મેદાનમાં એકાદ લાખ લોકોની મેદનીને સરદાર પટેલે સંબોધતા જૂનાગઢની પ્રજા અને આરઝી હકૂમતને અભિનંદન

આપ્યા હતાં. આ દિવસને જૂનાગઢની પ્રજાએ 'મુક્તીપર્વ' તરીકે ઉજવ્યો. સરદારે સભામાં જ લોકમત લેતા કહ્યું, જેને ભારત સંઘમાં જોડાવું હોય તે હાથ ઉંચા કરે. ઉપસ્થિત બધા લોકોએ હાથ ઉંચા કર્યા. હવે જેમને પાકિસ્તાન સાથે જોડાવું હોય તે હાથ ઉંચા કરે. ત્યારે એક પણ હાથ ઉંચો થયો ન હતો. જૂનાગઢનાં ભારત સંઘ સાથેના જોડાણને લઈને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે જૂનાગઢના બધા પ્રદેશોમાં ૨૦-૦૨-૧૯૪૮ના લોકમત લેવાયો તેમાં ૯૯.૯૫ ટકા લોકોએ ભારતમાં જોડાવાની તરફેણમાં મત આપ્યા હતા. જૂનાગઢમાં પ્રજાકિય તંત્રની સ્થાપના બાદ જાન્યુઆરી ૧૯૪૯માં જૂનાગઢ રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્યમાં ભળી જતાં સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાઓનું એકીકરણનું કાર્ય પૂર્ણ થયું. આમ જુનાગઢ રાજ્ય ભારતસંઘ સાથે જોડાયું અને પ્રજાની તાકાતનો વિજય થયો.

## સંદર્ભસૂચી:


1. Menon V.P., 'The Story of the Integration of the Indian States', 1956
2. Saurashtra Government Gazette, 1948
3. ખાચર પ્રદ્યુમ્ન અને વાળા ધીરુભાઈ પી., 'સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ રાજવીઓ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ, અમદાવાદ, ૨૦૨૧
4. જાની એસ.વી. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' (1807-1948), દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૨૦૧૪
5. દેશાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ, 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', પ્રવીણ પબ્લિકેશન, રાજકોટ, ચોથી આવૃત્તિ, ૨૦૧૮
6. પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપાદક), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-૯, અમદાવાદ, ૧૯૮૭
7. રાજગોર શિવપ્રસાદ, 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૮
8. શુક્લ જયકુમાર 'દેશી રાજયોનું વિલીનીકરણ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, ૨૦૧૫